**<u>દાહોદના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, દાહોદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. :–પર૩/૨૦૨૫.</u>**

**<u>આંક–૧ તળે હુકમ.</u>**

ફરિયાદી :– ગુજરાત સરકાર

**વિરુધ્ધ**

આરોપી :– તોરસભાઈ જયપ્રકાશ પંચાલ,
રહે. દાહોદ અગ્રવાલ સોસાયટી મંડાવાવ રોડ, તા. જી.દાહોદ.

**ગુનો :– પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ**

**<u>// હુકમ //</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૧૨/૨૦૨૪ ના કલાક–૧૮:૪૫ વાગ્યે મોજે પ્રોહી પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે દારૂ પી મળી આવી પકડાઈ જઈ પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતા આરોપીને ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ હેઠળ તેમની સામેના કેસના પોલીસ પેપર્સના કાગળોની નકલ આપવામા આવેલ. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૩) આજરોજ આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ અને તેઓના વિ.વ.શ્રીએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે અને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા જણાવે છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે પોતાની વિરુધ્ધનો ગુનો કબૂલ કરે છે. આમ, આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છીક હોઈ સદર કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા, ના. સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ સુખદેવ સિંહ અને અન્ય ૧૯૯૨ (૩) એસસીસી ૭૦૦ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ન્યાયીક

કાર્યવાહીના કોઈપણ તબકકે આરોપી દ્રારા સ્વેચ્છાએ ગુનાની કબુલાત થઈ શકે અને તે કબુલાત ઉપર આધાર રાખી શકાય છે.

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરલાલ હરીચંદજી ઠાકોરનાં કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને નજર સમક્ષ રાખતા આરોપીની સદર સ્વૈચ્છીક કબુલાત, ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાવે છે. તે સંજોગોમા ગુના અંગે સજાની જોગવાઈ, કેસની હકકીત અને સંજોગો ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તવું અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવુ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ -૨૪૧ અન્વયે આરોપી તોરસભાઈ જયપ્રકાશ પંચાલ, રહે. દાહોદ અગ્રવાલ સોસાયટી મંડાવાવ રોડ, તા.જી.દાહોદનાઓને તેઓની વિરૂધ્ધના પ્રોહીબીશન એકટની કલમ:૬૬(૧) (બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮ મી માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫
દાહોદ

( ડી.ડી.શાહ)
એડીશ્નલ જયુડી.મેજી.ફ.ક.
દાહોદ
**જીજે૦૧૫૫૧**